# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-01-2025** **Morning : 7.10 to 7.20**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગણપત વિશ્વવિદ્યાલયના પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવા સલાહ આપી.**
2) **શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું કે, "રાજ્યમાં એક મહિનામાં 24 હજાર 700 જેટલી જગ્યા પર શિક્ષકોની ભરતી કરાશે."**
3) **બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોની રજૂઆત સાંભળવા દરેક પોલીસ મથકમાં સાંત્વના કેન્દ્ર શરૂ કરાશે.**
4) **રાજ્યમાં આગામી ત્રણ દિવસ સુધી ઠંડીમાંથી આંશિક રાહત રહેવાની હવામાન વિભાગની આગાહી**
5) **રાજ્યમાં સામાજિક ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન માટેના પુરસ્કાર એનાયત કરાયા**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH GANPAT UNI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના 75 વર્ષની ઉજવણી કરી અને વર્ષ 2047માં ભારત માતાને વિકસિત બનાવવા સંકલ્પ કર્યો છે. મહેસાણા જિલ્લાની ખેરવા ગણપત વિશ્વવિદ્યાલયના 18મા પદવીદાન સમરોહમાં ગઈકાલે શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું.

આ સમારોહમાં તમામ વિદ્યાશાખાના 4 હજાર 182 વિદ્યાર્થીઓને પદવી, 23 વિદ્યાર્થીઓને PhD અને 97 વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક એનાયત કરાયો હતો. દરમિયાન શ્રી શાહે વિદ્યાર્થીઓને કાક ચેષ્ટા, બકલ ધ્યાન, સ્વાન નિંદ્રા, અલ્પાહારી, ગૃહત્યાગી આ પાંચ ગુણો તેમના જીવનમાં ઉતારવા સલાહ આપી હતી.

## (બાઈટ : અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

# DR KUBER DINDOR SHIKSHAK BHARATI

શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું કે, “રાજ્યમાં આગામી એક મહિનામાં 24 હજાર 700 જેટલી જગ્યા પર શિક્ષકોની ભરતી પ્રક્રિયા પૂર્ણ થશે.” ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે સ્ટૂડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પૉલિસી અંતર્ગત શિક્ષણ વિભાગ દ્વારા નેશનલ સ્ટાર્ટ-અપ 2025ની ઉજવણી દરમિયાન યોજાયેલા કાર્યક્રમ દરમિયાન શ્રી ડિંડોરે આ મુજબ જણાવ્યું હતું.

## (બાઈટ : ડૉ. કુબેર ડિંડોર, શિક્ષણ મંત્રી)

# SANTAVANA KENDRA

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે રાજ્યના દરેક પોલીસ મથકમાં સાંત્વના કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ કેન્દ્ર એવું સ્થળ બનશે, પોલીસ મથકમાં આવતા તમામ બાળકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને સંવેદનશીલતા અને સહાનુભૂતિ સાથે સાંભળવામાં આવશે. તેમની મુશ્કેલીઓને સમજીને યોગ્ય કાઉન્સેલિંગ અને કાનૂની માર્ગદર્શન અપાશે. આ કેન્દ્રોમાં વુમન હેલ્પ ડેસ્ક, ચાઇલ્ડ વેલ્ફેર પોલીસ ઓફિસર, 181-અભયમ્ અને PSBSS એટલે કે, પોલીસ સ્ટેશન બેઇઝડ્ સપોર્ટ સેન્ટર જેવી વિવિધ સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ બનશે.

સાંત્વના કેન્દ્રની કામગીરી ઉપર પોલીસમથકના ઈન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર/પોલીસ સબ ઇન્સ્પેકટર અંગત ધ્યાન આપી સૂચવવામાં આવેલી કામગીરી તેઓ યોગ્ય રીતે કરે તે સુનિશ્ચિત કરવા રાજ્યના પોલીસ વડાએ સુચનાઓ આપી છે.

# CM SGVP GIR SOMNATH

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, "કન્ય કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના કારણે દીકરીઓમાં ભણતરનું પ્રમાણ વધ્યું છે." શ્રી પટેલે ભણતર સાથે જીવન ઘડતરની ગુરુકુળ પરંપરાનો સંદર્ભ આપવાની સાથે SGVP સંસ્થા દ્વારા થતા સેવા અને સુવિધાના કાર્યોની પણ સરાહના કરી હતી.**

**શ્રી પટેલે ગઈકાલે ગીરસોમનાથ જિલ્લામાં ગીર ગઢડા તાલુકાના દ્રોણેશ્વર ખાતે SGVP દ્રોણેશ્વરના નૂતન કન્યા છાત્રાલયનો શિલાન્યાસ કરતા આ મુજબ જણાવ્યું હતું.**

## (બાઈટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# WEATHER

**રાજ્યમાં આગામી ત્રણ દિવસ સુધી ઠંડીમાંથી આંશિક રાહત રહેશે અને ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં 2 ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થઈ શકે છે એમ હવામાન વિભાગના નિદેશક એ. કે. દાસે જણાવ્યું હતું.**

## (બાઈટ : હવામાન વિભાગના નિદેશક - એ. કે. દાસ)

**રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમરેલી જિલ્લામાં નોંધાયું હતું. જ્યારે રાજકોટમાં નવ ડિગ્રી સેલ્સિયસ, નલિયામાં 10 અને અમદાવાદમાં 11 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.**

# SAMAJIK PURASHKAR KARYAKRAM

ભારતીય બંધારણના 75મા વર્ષની ઉજવણી અંતર્ગત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ દ્વારા સામાજિક ક્ષેત્રે વિશેષ યોગદાન આપનારા લોકોનું સન્માન કરાયું હતું. સમારોહમાં ગીરસોમનાથ જિલ્લામાં આકાશવાણી સમાચારના પ્રતિનિધિ રાજેશ ભજગોતરને મહાત્મા ફૂલે શ્રેષ્ઠ પત્રકાર પુરસ્કારથી સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયાએ સંપૂર્ણ પારદર્શક નિર્ણયથી પુરસ્કાર વિજેતાઓની પસંદગી થતી હોવાનું જણાવ્યું હતું.

## બાઈટ : ભાનુબેન બાબરિયા,
## સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી

# ACHARYA BHARATI

રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાલ ચાલી રહેલી કેન્દ્રીય ભરતી પ્રક્રિયામાં આચાર્ય કે શિક્ષક તરીકે નિમણૂક માટે શાળાની NOCની જરૂરિયાત નહીં રહે. નવી નિમણૂંક મેળવનારને શાળામાંથી છુટા થવા માટે જિલ્લા શિક્ષણ અધિકારી પણ નવી જગ્યાએ હાજર થવા છૂટા કરી શકશે.

રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરિયાએ સોશિયલ મીડિયા પર શિક્ષણ વિભાગના આ નિર્ણય અંગેની માહિતી આપી હતી.

# UMARGAM STATION STOPPAGE

**રેલવે મંત્રાલયે સુરત-બાંદ્રા ટર્મિનલ્સ ઇન્ટરસિટી એક્સપ્રેસને ઉમરગામ રેલવે મથક ખાતેના સ્ટોપેજની માંગણીને મંજૂરી આપી છે.**

**વલસાડના સાંસદ ધવલ પટેલે વલસાડના લોકોની રજૂઆતને પગલે કેન્દ્રીય રેલ મંત્રાલયમાં આ અંગે રજૂઆત કરી હતી. જે મંત્રાલય સ્વીકારી, સુરત બંદર ટર્મિનસ ઈન્ટરસિટી એક્સપ્રેસને ઉમરગામ રેલ્વે મથકે સ્ટોપેજની જાહેરાનામાની પ્રક્રિયા પુરી કરી દેવાઈ છે.**

(બાઈટ : ધવલ પટેલ, સાંસદ)

# 8TH PAGAR PANCH

કેન્દ્રીય મંત્રીમંડળે ગઈકાલે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં અને નિવૃત્ત કર્મચારીઓનાં પેન્શનમાં વધારાનાં મુદ્દે નિર્ણય લેશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, વર્ષ 1947થી અત્યાર સુધી સાત પગાર પંચની રચના થઈ છે. વર્ષ 2016માં સાતમા પગાર પંચની રચના થઈ હતી, જેની મુદત વર્ષ 2026માં પૂર્ણ થઈ હતી.

અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે આ નિર્ણયથી કેન્દ્ર સરકારનાં 50 લાખ કર્મચારીઓને લાભ થશે, જેમાં સંરક્ષણ કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 65 લાખથી વધુ પેન્શનધારકોને પણ તેનો લાભ થશે.

કર્મચારી સંઘો અને સંગઠનો દ્વારા 8મા પગાર પંચની રચનાની સતત માગણી થઈ રહી હતી. છેલ્લે 1 જાન્યુઆરી, 2016નાં રોજ પગાર વધારો થયો હોવાથી આગામી પગાર વધારો 1 જાન્યુઆરી, 2026થી થવાની સંભાવના છે."